**Veer Narmad South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only

**Vol. 16, Issue. 272, April 2025**



**પ્રિય વાચક મિત્રો,**




૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ 'જય અનુસંધાન'નો નારો રાષ્ટ્રીય સંશોધન માટેનો પાયો મજબૂત બનાવવાનું આવાહન હતું. આ દ્રષ્ટિકોણને આગળ ધપાવતી અને ભારતને આત્મનિર્ભર તથા વિકસિત ભારત@2047 તરફ દોરી જતી એક મહત્વકાંક્ષી પહેલ છે – 'વન નેશન વન સબ્સ્ક્રિપ્શન' (ONOS) યોજના. ભારતના 'અમૃતકાલ'માં સંશોધન અને વિકાસને રાષ્ટ્રીય અગ્રતા આપવી એ વિકાસશીલથી વિકસિત ભારત તરફના માર્ગમાં મહત્વપૂર્ણ પગલું છે. વન નેશન વન સબ્સ્ક્રિપ્શન યોજના હેઠળ સમગ્ર દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય ધોરણની સંશોધન પત્રિકાઓ (Journals), ઈ–બુક્સ, ડેટાબેઝ અને અન્ય વૈજ્ઞાનિક સામગ્રી માટે એક રાષ્ટ્રીય સબ્સ્ક્રિપ્શન ઉપલબ્ધ કરાવવામાં આવશે. એટલે કે, હવે દેશના દરેક વિદ્યાર્થી, પ્રાધ્યાપક અને સંશોધકને મફતમાં વૈશ્વિક સ્તરે માન્ય સંશોધન સામગ્રી મળશે – તે પણ કોઈ અલગ ફી ચૂકવ્યા વગર.

વન નેશન વન સબ્સ્ક્રિપ્શન દ્વારા દેશભરના કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ તથા સંશોધન સંસ્થાઓના લગભગ ૧.૮ કરોડ વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને સંશોધકોને ૩૦ જેટલાં અગ્રણી આંતરરાષ્ટ્રીય પ્રકાશકોના રિસર્ચ જર્નલો અને ડેટાબેઝોની એક્સેસ મળશે. હવે શહેરથી દૂર બેઠેલા સંશોધકો માટે પણ ઉચ્ચ ગુણવત્તાવાળા વૈશ્વિક સંશોધન સામગ્રીના દરવાજા ખુલશે.

આ પહેલ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી અમલમાં આવશે અને તેનો પ્રથમ તબક્કો ૨૦૨૫ થી ૨૦૨૭ સુધીના ત્રણ વર્ષ માટે મંજૂર કરવામાં આવ્યો છે. આનો મુખ્ય ઉદ્દેશ તમામ ક્ષેત્રોમાં ઉન્નત સંશોધનને પ્રોત્સાહન આપવાનો છે – ખાસ કરીને નાનાં શહેરો અને ગામડાંઓ સુધી જ્ઞાનની સમાન પહોંચ સુનિશ્ચિત કરવી. ONOS યોજના હેઠળ દેશના અંદાજે ૧.૮ કરોડ વિદ્યાર્થી, અધ્યાપકો અને સંશોધકોને લાભ થશે. મોટાભાગના આંતરરાષ્ટ્રીય પત્રિકા પ્રકાશકો સાથે રાષ્ટ્રીય લાયસન્સ માટે કરાર થયા છે. જેના કારણે Tier-2 અને Tier-3 શહેરોની યુનિવર્સિટીઓમાં પણ હવે તે જ કક્ષાની શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ થશે. જે અત્યાર સુધી માત્ર IITs, IISc અથવા પ્રમુખ સંસ્થાઓ સુધી સીમિત હતી. આ સાથે આપણે ભારતને વૈશ્વિક સંશોધન તંત્રમાં વધુ સક્રિય બનાવીશું. આંતરવિષયક સંશોધન વધુ પ્રોત્સાહિત થશે અને ભારતમાંથી નવા વિચાર અને ટેક્નોલોજીનો ઉદય વધુ ઝડપથી થશે. આથી સમગ્ર રાષ્ટ્રીય સંશોધન ઇકોસિસ્ટમમાં ગતિશીલતા આવશે.

ONOS યોજનાનું સંકલન INFLIBNET (Information and Library Network) Centre, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે – જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC)નું એક સ્વાયત્ત ઇન્ટર યુનિવર્સિટી કેન્દ્ર છે. સંપૂર્ણ સામગ્રી એક કેન્દ્રિય પોર્ટલ https://www.onos.gov.in/ પરથી એક્સેસ કરી શકાશે. દરેક સંસ્થા અને વિદ્યાર્થી પોતાનો અધિકારિત પ્રવેશ મેળવી શકશે. અથોરીટી નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન (ANRF) સમયાંતરે આ યોજના હેઠળના ઉપયોગ અને ભારતીય સંશોધકો દ્વારા થતી પ્રકાશનોની સમીક્ષા કરશે. આ પ્રગતિ ભારતના સંશોધન ગુણવત્તાના મૂલ્યાંકન માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ યોજના હેઠળ ૩૦થી વધુ અગ્રણી આંતરરાષ્ટ્રીય પ્રકાશકોની ઇ–જર્નલ અને ડેટાબેઝ સામગ્રી માટે રાષ્ટ્રીય લાઇસન્સ લેવામાં આવશે. જેનો ઉપયોગ દેશભરની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને સંશોધન સંસ્થાઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

અત્યાર સુધી જે વિવિધ મંત્રાલયો અને વિભાગો પોતાની રીતે લાયસન્સ લેતા હતા – જેમ કેઃ ઈ–શોધ સિંધુ (ESS), નેશનલ નોલેજ રિસોર્સ કન્સોર્ટિયમ (NKRC), DRDO, DBT, DAE, DOS જેવી આર એન્ડ ડી સંસ્થાઓ હવે આ એકીકૃત ONOS માળખામાં સમાવિષ્ટ થશે, જેને કારણે ખર્ચમાં બચત થશે અને સમાનતા વધશે.

આ યોજના માત્ર એક્સેસ પૂરતી નથી – તે એક સંશોધન સંસ્કૃતિ ઊભી કરવાનો પ્રયાસ પણ છે, જ્યાં નાનાં શહેરના મહાવિદ્યાલયના પ્રોફેસરથી માંડીને પ્રખર વૈજ્ઞાનિક સુધી દરેકને સમાન તક મળશે. ભવિષ્યમાં ભારત વૈશ્વિક સંશોધન ઇકોસિસ્ટમમાં પોતાનું આગવું સ્થાન મેળવે તે માટેના માર્ગ પર ONOS પહેલું મજબૂત પગલું છે. આ વેસ્ટેજ અને પુનરાવૃત્તિએ સરકારને એક યુનિફાઇડ મોડેલ તરફ દોરીને ONOSને જન્મ આપ્યો.

અંતે, 'જ્યાં જ્ઞાન સરળતાથી મળે છે, ત્યાં નવી વિચારશક્તિ પાંગરે છે.' ONOS એ જ્ઞાનને દરેક દરવાજે પહોંચાડવાનું માધ્યમ બની રહ્યું છે – જે ભારતના વિકસિત ભવિષ્ય માટેનું મજબૂત પગથિયું છે.

**તા. ૧ મે, ૨૦૨૫** **(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### ૫૬મો પદવીદાન સમારોહ










વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે તા. ૦૭/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને વિશ્વવિદ્યાલયનો ૫૬મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં ૧૨ વિદ્યાશાખાઓના ૭૯ અભ્યાસક્રમોના ૧૦૪૫૧ યુવા છાત્ર-છાત્રાઓને પદવીઓ એનાયત કરવામાં આવી. ૨૧ ઋષિકુમારોએ શંખનાદ, વૈદિક મંત્રોચ્ચાર અને તૈત્તિરીય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરી હતી. આ પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી, ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આચાર્ય દેવવ્રતજીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૫૬મા પદવીદાન સમારોહમાં દીક્ષાંત પ્રવચનમાં યુવા છાત્રોને કૉલેજ શિક્ષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે માત્ર સ્વઉત્કર્ષ માટે જ નહી, પણ લોકકલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણ માટે પણ ઉપયોગી થાય તેવો પુરુષર્થ કરવા આહ્વાન કર્યું હતું. ઈમાનદારી, જ્ઞાન અને મહેનત કયારેય વ્યર્થ જતા નથી, એટલે ન વ્યકિતએ આજીવન વિદ્યાર્થી બની રહેવા, પ્રામાણિકતા અને જ્ઞાનોપાર્જનને જીવન સાથે વણી લેવાની માર્મિક શીખ તેમણે આપી હતી.

આરોગ્ય, તબીબી શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, માત્ર અર્થ ઉપાર્જન કરવાની અપેક્ષા નહી, પણ મેળવેલા જ્ઞાનનો સમાજ, રાજ્ય અને દેશના ભલા માટે સાર્થક ઉપયોગ કરવો જરૂરી છે. યુવાનો દેશની પ્રગતિની દિશા નક્કી કરે, કારણકે દેશની, ઉન્નતિ, સમૃદ્ધિની બાગડોર યુવાનોના હાથમાં છે. મંત્રીશ્રીએ તમામ પદવીધરોને ઉજ્જવળ ભાવિની શુભકામના આપી બદલાતી દુનિયા સાથે કદમતાલ મિલાવી સતત પરિવર્તનશીલ બની રહેવા અને યુવાધનને નવા પડકારોનો સામનો કરીને વિકસિત ભારત તરફ દેશની આગેકૂચમાં જોડાવા પ્રેરિત કર્યા હતા.

શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, શિક્ષણ વ્યકિતગત કારકિર્દી માટે જ પૂરતું નથી. માનવ કલ્યાણ-રાષ્ટ્ર હિતનો ભાવ પણ તેમાં રહેલો હોય છે. જ્ઞાનના પ્રકાશથી સમાજનું કલ્યાણ થાય, ઉન્નતિ થાય તેવો ભાવ ખીલવવો જરૂરી છે. વિદ્યાર્થીઓએ એક કોચલામાં ન રહેતાં મલ્ટીટેલેન્ટેડ બની બહુઆયામી વ્યકિતત્વ ખીલવવા પર ભાર મૂકયો હતો.

શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ શિક્ષણનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે, વર્ષોના અભ્યાસ બાદ મેળવેલું જ્ઞાનનું ભાથું સમાજના હિત માટે ઉપયોગમાં લેવું જોઈએ. પ્રાપ્ત કરેલી વિદ્યા જીવનપથ પર અજવાળું પાથરશે. ગીતાના ધ્યેયમંત્ર 'કર્મ કરો, ફળની આશા ન રાખો' ને જીવનમાં ઉતારી યુવાનો નિર્વ્યસની, પરાક્રમી બને. વ્યસનો, પ્રલોભનો અને ભૌતિકતા સામે કદી ઝૂકવું નહી એવી પણ તેમણે શીખ આપી હતી.

પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું હતું કે, નર્મદ વિશ્વવિદ્યાલયએ શિક્ષણ અને પારદર્શી મૅનેજમેન્ટથી આગવી ઓળખ ઉભી કરી છે. શિક્ષણના વિશાળ વટવૃક્ષ સમાન આ વિશ્વવિદ્યાલયએ એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ આઈડી બનાવવામાં અને સૌથી વધુ ક્રેડિટ પ્રાપ્ત કરવામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે પી.એમ.ઉષા યોજના હેઠળ નર્મદ વિશ્વવિદ્યાલયના વિકાસ માટે મળેલી રૂ.૧૦૦ કરોડની ગ્રાન્ટ પૈકી રૂ. ૬૦ કરોડના બહુવિધ શિક્ષણવિકાસના કામો પ્રગતિમાં છે. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા,

કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડૂક, બોર્ડ ઓફ મૅનેજમેન્ટના સભ્યશ્રીઓ, એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, વિભાગીય વડાઓ, વિશ્વવિદ્યાલયના પદાધિકારીશ્રીઓ, કૉલેજના આચાર્યશ્રીઓ સહિત પદવી મેળવનાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વધુમાં નવસારી જિલ્લાના જલાલપોર ગામની નિરાલીબેન કેતનભાઈ પોલરાએ પોતાની ત્રણ મહિનાની નાની દિકરી સાથે એમ.એ. (ગુજરાતી)માં ગોલ્ડ મેડલ સાથે પદવી સ્વીકારી હતી. માતૃત્વની મીઠાશ સમા પદવીદાન સમારોહમાં માતા અને વિદ્યાર્થી તરીકેની બેવડી ભૂમિકા નિભાવનાર નિરાલી પોલરાની ઝિંદાદિલીને સૌએ સરાહી હતી. તેમણે એમ.એ. (ગુજરાતી) માસ્ટર ઓફ લિટરેચરમાં ૮૦.૨૭ ટકા મેળવીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

રાણા બંસરાજકુમાર પંકજભાઈ દિવ્યાંગ હોવા છતાં પોતાની અડગ મહેનત અને ઉત્સાહથી B.Sc.IT.માં 6.68 YGPA સાથે પ્રથમ શ્રેણીમાં સફળતા મેળવી છે, જે તેમના જિજ્ઞાસા અને સંઘર્ષની સાક્ષી આપે છે તથા તેઓની મહેનત અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું સ્ત્રોત બની ગઈ છે. આ બન્ને વિદ્યાર્થીઓ ૫૬માં પદવીદાન સમારોહના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં હતાં અને તેમની સફળતાએ સમગ્ર સમારોહને ગૌરવની લાગણી આપી હતી.





























## 'POSH' એક્ટ તાલીમ સેમિનાર

અપમૃત્યુ નિવારણ સહાય (A.Ni.S) દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા (DLSA), સુરતના આશ્રય હેઠળ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સહયોગથી "POSH Act Traning" પર તા. ૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સાંજે ૩:૦૦ થી ૬:૦૦ કલાક સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

POSH (Prevention of Sexual Harassment) એક્ટ હેઠળ મહિલાઓના કાર્યસ્થળે સુરક્ષા અને ગેરવર્તન નિવારણ માટે આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ની રચના ફરજિયાત છે. આ પાયાની જાગૃતતા અને અમલ માટે આયોજિત આ તાલીમમાં ગુજરાત હાઈકોર્ટના સન્માનનીય ન્યાયાધીશ ગીતા ગોપીજી દ્વારા પોશ એક્ટના વિધેય, અમલની પ્રક્રિયા અને કાયદેસર દાયિત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું સેમિનાર દરમિયાન DLSAના ન્યાયાધીશ શ્રી સી.આર.મોદી, કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, મનોજ નાનાવટી (શિલ્પ આર્ટ) અને દીપક શ્રોફ, ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ, વી.ટી.ચોકસી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન SVNIT કૉલેજના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમમાં કંપનીઓ, કોર્પોરેટ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, અને વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. POSH એક્ટ અંતર્ગત આંતરિક ફરિયાદ સમિતિની રચના અને તેની કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે સ્નેહસપ્તાહ, મહિલા સશક્તિકરણ અને કર્મચારીઓ માટે સુરક્ષિત કાર્યસ્થળ ઉભું કરવા માટે પગલાં ભરવાના સંકલ્પ પર પણ ચર્ચા કરવામાં આવી. અપમૃત્યુ નિવારણ સહાય (A.Ni.S.) સંસ્થા દ્વારા મહિલા સુરક્ષા અને ન્યાયની સુવિધા માટે ભવિષ્યમાં પણ આવા જાગૃતતા અભિયાનો અને તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી.












## 'ધરાતળે પ્રગટી ભગવદ્ ભાષા': પુસ્તક વિમોચન કાર્યક્રમ








'ડૉ. વિશ્વાસજી દ્વારા રચિત અને સાહિત્ય ક્ષેત્રના ચિંતક અને સંઘ પ્રચારક આદરણીય શ્રી ભગીરથભાઈ દેસાઈ દ્વારા રૂપાંતરિત 'ધરાતળે પ્રગટી ભગવદ્ ભાષા' પુસ્તકના વિમોચન, પ્રકાશન અને લોકપર્ણનો એક ભાવપૂર્ણ કાર્યક્રમ તા. ૦૩/૦૪/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે યોજાયો હતો.

મા સરસ્વતીની અર્ચના બાદ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાજીએ પોતાનું મનોગત વ્યકત કરી સૌનું સ્વાગત કર્યું. સરળ રીતે સમજાય એવા ધારાપ્રવાહ સંસ્કૃતમાં લેખકશ્રી વિશ્વાસજી એ પુસ્તકસર્જનની પ્રક્રિયા સમજાવી ભાવકોને મંત્રમુગ્ધ કરી દિધા અને હિબ્રુ ભાષાને ઇઝરાયલની રાષ્ટ્રભાષા બનાવવામાં સફળ થનાર બેન્યહૂદમાંથી પ્રેરણા લઈ આપણે ભારતીયો પણ સંસ્કૃતને માટે સંકલ્પબધ્ધ થઈએ એવું આહ્વાન કર્યું હતું.

આ કથાનકનું શ્રવણ અને રૂપાંતર અંગેની અનુભૂતિ આદરણીય શ્રી ભગીરથભાઈ દેસાઈ વર્ણવી ધરાતળે પ્રગટી ભગવદ્ ભાષા અંગેની શ્રી ભગીરથભાઈ હૃદય ભાવના વ્યકત કરી આપણે સંકલ્પબધ્ધ થઈએ તો વિકસિત ભારતમાં સંસ્કૃતને જનમાનસમાં પ્રસ્થાપિત કરી રાષ્ટ્રભાષા બનાવી શકીએ એવી શ્રધ્ધા વ્યકત કરી હતી.

મહંત સ્વામી અક્ષયાનંદ સરસ્વતીજી એ એમના પ્રેરક પ્રવચનમાં આ ગ્રંથની પ્રેરણા અને સંસ્કૃત ભારતીના સંનિષ્ઠ પ્રયાસોની ગાથા વર્ણવી સંસ્કૃત અને સંસ્કૃતિના પ્રસાર માટે સૌને કટિબધ્ધ થવા અનુરોધ કરી કાર્યક્રમ માટે રાજીપો વ્યકત કર્યો હતો. ડૉ. ભરત ઠાકોરના સંકલિત પ્રયાસો અને મંચ સંચાલને કાર્યક્રમને સુપેરે પાર પાડયો હતો. કાર્યક્રમમાં સંસ્કૃત અને સંસ્કૃતિ પ્રેમી ભાવકો સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી પધાર્યા તે પણ ધ્યાનાકર્ષક બની રહ્યું.

## ડિગ્રી વિતરણની સાથે રોજગાર ભરતીમેળાનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય તથા ગુજરાત સરકારની રોજગાર કચેરી, સુરત અને વિશ્વવિદ્યાલય રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર સુરતના સંયુકત ઉપક્રમે તા.૦૮/૦૪/૨૦૨૫, ૦૯/૦૪/૨૦૨૫ અને તા. ૧૧/૦૪/૨૦૨૫ના રોજ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ હતું. ૨૦૨૪માં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સુરત જિલ્લાની વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓનાં પ્રતિનિધિઓની હાજરીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના હસ્તે રોજગાર ભરતીમેળો ખુલ્લો મુકવામાં આવેલ હતો.

આ ભરતીમેળામાં સુરત જિલ્લાની વિવિધ સેકટરની ૧૭ કંપનીઓએ ભાગ લીધો હતો. કલરટેક્સ ઇન્ડિયા પ્રા.લી, ટેકપીલર સર્વિસસ પ્રા.લી, શુભમ કે માર્ટ, નાનાવતી કાર પ્રા.લી., બેન્કેરા, શ્રીજી ઓટોમાર્ટ, શ્રીનાથ ગ્રુપ પર સોલ્યુશન, એનીસટ્રોપીક પ્રા.લી., જેવી કંપની ઉપસ્થિત રહી હતી. જેમાં સ્નાતક અને અનુસ્નાતક બી.બી.એ., બી.સી.એ., એમ.કોમ., બી.એસ.સી., એમ.એસ.સી., એમ.બી.એ., એચ.આર./માર્કેટિંગ, એલ.એલ.બી., બી.એડ., એમ.એસ.ડબલ્યુ, એમ.એસ.સી. (આઈ.ટી.) બી.ઈ. જેવી લાયકાત ધરાવતા કુલ ૧૮૩૭ ઉમેદવારોએ ભાગ લીધો હતો. જે પૈકી કંપનીઓની ૯૩૪ વેકેન્સી સામે ૩૨૬ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી આ પસંદગીમાં ૭ લાખ સુધીના વાર્ષિક પેકેજની પણ ઓફર કરવામાં આવી. કંપનીઓ ટેકનીકલ અને અનુભવી જગ્યાઓ માટે પસંદગી પામેલ ઉમેદવારોને બીજા તબક્કાનાં ઇન્ટરવ્યું માટે કંપની ખાતે બોલાવશે.

આ ઉપરાંત રોજગાર કચેરી, સુરત દ્વારા વિશ્વવિદ્યાલયના સહયોગમાં ભરતી મેળા સાથે વિવિધ વિષયે રોજગારલક્ષી માર્ગદર્શન અને તાલીમ/સ્કિલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રોજગારી કચેરી દ્વારા ગુજરાત સરકારના સ્પર્ધાત્મક પરીક્ષાની વિનામૂલ્યે તાલીમની માહિતી આપવામાં આવી.

આર.એસ.ટી. (બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, સુરત) દ્વારા ગ્રામીણ યુવક/યુવતી માટે ૬૦ જેટલી તાલીમ વિનામૂલ્યે આપવામાં આવે છે. એન.સી.એસ.(નેશનલ કેરિયર સેન્ટર ફોર એસ.સી.એસ.ટી. માટે વિનામૂલ્યો તાલીમ કોર્ષ, ટાટા સ્ટ્રાઈવ બેન્કીગ અને આઈ.ટી.સેકટરમાં કેરિયર બનાવવા ઇચ્છતા હોય તેના માટે વિનામૂલ્યે તાલીમ વગેરે તાલીમ/ સ્કિલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામની માહિતી આપવામાં આવી. આવનારા દિવસોમાં વિવિધ સ્કિલ ટ્રેનીગ આપતી સંસ્થાઓનો સહયોગ મેળવી રોજગાર કચેરી દ્વારા ટ્રેનીગ પ્રોગ્રામનું આયોન થનાર છે.









## હનુમાન જયંતીની ઉજવણી





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા તારીખ ૧૨/૪/૨૦૨૫ના રોજ શનિવારના પાવન દિવસે હનુમાન જયંતી નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. યોગેશ વાંસિયાની ઉપસ્થિતિમાં હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વવિદ્યાલય દ્વાર હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવતી હોય તે સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાનું મહત્ત્વ દર્શાવતું એક મહત્ત્વપૂર્ણ અંશ બની શકે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વ દ્વારા હનુમાનજીની પૂજા, મહિમા, આદર–ભકિત અને એકતા સાથે મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં હનુમાન ચાલીસા અને હનુમાનજીના ભજનોથી વાતાવરણ ભકિતમય બન્યું હતું. આ કાર્યક્રમ સ્પોર્ટ્સ વિભાગમાં એટલા માટે કરવામાં આવ્યો હતો કેમ કે, હનુમાનજીની તાકાત માનવ શરીરની સાક્ષાત્કાર કરાવે છે, જે રમતગમત અને વ્યાયામના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ અસ્તિત્વ છે, હનુમાનજી એક વીર અને ઉત્કૃષ્ટ યોદ્ધાઓનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેની મહાનતા અને સાહસની ઘટનાઓ રમતવીરોને પ્રેરણા આપે છે તથા યોગા, પ્રાણાયામ, રાજયોગ અને અન્ય શારીરિક અભ્યાસો સાથે સમન્વય ધરાવે છે, જે રમતના ક્ષેત્રે ઉચ્ચ પરિણામો મેળવવામાં મદદ કરે છે એટલે જ જ્યારે રમતવીરો કોઈ પણ રમતની શરૂઆત કરે તો તેઓ સૌપ્રથમ હનુમાનજીને યાદ કરીને પોતાની રમતની શરૂઆત કરતા હોય છે. કાર્યક્રમનું આયોજન ડૉ. યોગેશ વાંસિયાના માર્ગદર્શન હેઠળ યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગે કર્યું હતું.

## 'વન નેશન, વન ઇલેકશન' કાર્યક્રમ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગ વી.એન.એસ.જી.યુ. સુરતના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કન્વેન્શન હોલ ખાતે "વન નેશન, વન ઇલેકશન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાનશ્રી પરેશભાઈ પટેલ (અધ્યક્ષ ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર) અને મુખ્ય વકતા તરીકે ડૉ. જગદીશ પટેલ (ભૂતપૂર્વ મેયર) સુરત શહેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના EC મેમ્બર ડૉ. કશ્યપસિંહ ખરચિયા, શ્રી ભાવિનભાઈ પટેલ, BoM મેમ્બર શ્રી હરિભાઈ અરોરા, ડૉ. પારૂલબેન વડગામા, શ્રી લક્ષ્મણભાઈ આહીર, પૂર્વ સિન્ડિકેટ સદસ્ય એડવોકેટશ્રી કિરણભાઈ ઘોઘારી અને વન નેશન, વન ઇલેકશનના નોડલ અધિકારીશ્રી ડૉ. યશોધરાબેન ભટ્ટ હાજર રહ્યા હતા.

શ્રી પરેશભાઈ પટેલ અને ડૉ. જગદીશભાઈ પટેલે 'વન નેશન વન ઇલેકશન' વિષય પર પોતાના વિશ્લેષણાત્મક વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે આ અભિગમ માત્ર વ્યવહારિક દ્રષ્ટિકોણથી જ નહીં પણ રાષ્ટ્રીય એકતા, સમાનતા અને કાર્યક્ષમતા માટે પણ અત્યંત ઉપયોગી છે. તેમણે સ્પષ્ટ રીતે કહ્યું કે, દરેક થોડા સમયના અંતરે લોકસભા અને વિધાનસભાની અલગ અલગ ચૂંટણીઓ થવાથી સરકારી સંસાધનો પર ભાર પડે છે અને વિકાસલક્ષી કામગીરીમાં અવરોધ આવે છે. જો સમગ્ર દેશમાં એક જ સમયે ચૂંટણી યોજાય તો મોટી સંખ્યામાં લાગતા માનવબળ, શાંતિ–વ્યવસ્થા જાળવવા માટે તહેનાત પોલીસ દળો, વહીવટી તંત્ર તથા ઇલેકશન કમિશનની કામગીરીમાં લાગેલા સંસાધનોને યોગ્ય રીતે ઉપયોગમાં લઈ શકાય. આથી તેઓ વિકાસના કામોમાં વધુ અસરકારક યોગદાન આપી શકે. તેમણે વધુમાં કહ્યું કે, વારંવાર યોજાતી ચૂંટણીઓ દરમિયાન લાગતી આદર્શ આચારસંહિતા રાષ્ટ્રના વિકાસકાર્યો માટે મોટો અવરોધ બને છે. આચારસંહિતાના અમલને લીધે નવી યોજના ઘડી શકાય નહિ, નવું બજેટ જાહેર કરી શકાય નહિ અને અનેક નિર્ણયો લેવાઈ શકતા નથી. પણ જો સમગ્ર દેશમાં એકસાથે ચૂંટણી યોજવામાં આવે તો આ દર વખતે આચારસંહિતાના લાગુ પડવાના કારણે થતું કામચલાઉ વિલંબ અટકાવી શકાય. વકતાઓએ 'વન નેશન, વન ઇલેકશન'ના અર્થશાસ્ત્ર પર પણ પ્રકાશ પાડતાં જણાવ્યું કે ઘણી ચૂંટણી યોજવાથી ખર્ચ ઘણો વધી જાય છે. રાજકીય પક્ષો, સરકાર અને સામાન્ય જનતાનું પણ આર્થિક બોજ વધે છે. એક જ ચૂંટણી થવાથી આ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય છે. તેઓએ ઉમેર્યું કે જનજાગૃતિ, ટેકનોલોજીનો ઉપયોગ અને રાજકીય સહમતીથી આ અભિગમ સફળતાપૂર્વક અમલમાં આવી શકે છે. તેમના વકતવ્યના અંતમાં ભારતને વધુ સંગઠિત, સંવેદનશીલ અને કાર્યક્ષમ લોકશાહી બનાવવાના દ્રષ્ટિકોણથી 'વન નેશન, વન ઇલેકશન'ના વિચારોને દેશભરમાં ચર્ચાનું કેન્દ્રિય વિષય બનવો જોઈએ એવી શકિતશાળી અપીલ કરી.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કેમ્પસ ખાતે કાર્યરત વિવિધ વિભાગોના વડાશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ, વિશ્વવિદ્યાલયની આજુબાજુના વિસ્તારમાં આવેલ વિવિધ કૉલેજોના આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો.

આ કાર્યશાળાનું સંપૂર્ણ આયોજન વ્યવસ્થા અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. શ્રીધર નિમાવત અને યુવક અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. યોગેશ વાંસીયા દ્વારા કરવામાં આવેલ હતું. જયારે ડૉ. યશોધરા ભટ્ટે કાર્યક્રમના નોડો ઓફિસર તરીકે કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા.


















## નામાંકિત માઉન્ટેનિયર એન્ડ સાયકલિસ્ટ પ્રદીપ કુમાર અને પ્રિયા કુમારી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે

તા. ૧૬–૪–૨૦૨૫ના રોજ વિખ્યાત માઉન્ટેનિયર અને સાઈકલિસ્ટ શ્રી પ્રદીપ કુમાર તથા પ્રિયા કુમારીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતની મુલાકાત લીધી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડૉ. જયદીપ ચૌધરી તથા યોગેશ વાંસિયા સાથે તેઓના સાહસિક અનુભવ અંગે સંવાદ કર્યો હતો.

કુમારી પ્રિયા, જે લખનૌ, ઉત્તર પ્રદેશની રહેવાસી છે, તેઓને ૨૦૧૬માં ગવર્નમેન્ટ ઓફ ઉત્તર પ્રદેશ દ્વારા 'રાણી લક્ષ્મીબાઈ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેઓએ અત્યાર સુધીમાં ઉત્તર ૮ રાજ્યો, ૫૩ જિલ્લાઓ અને ૩ દેશોમાંથી પસાર થતાં ૪૦૦૦ કિલોમીટરની સાઈકલિંગ કરી છે. ૨૦૨૩માં તેઓએ ૬૦૦૦ મીટરથી વધુ ઊંચાઈના ત્રણ પર્વતો પઢાઈ કરી છે તેમજ IMF દ્વારા આયોજિત ૭૦૦૦ મીટર ઉંચા અભિયાનમાં ભાગ લીધો હતો. તેઓએ હિમાલયના બીજું સૌથી મોટું ગ્લેશિયર 'બારા ડિગ્રી ગ્લેશિયર' પણ સફળતાપૂર્વક સર કર્યું છે.










શ્રી પ્રદીપ કુમાર, ગાઝીપુર, ઉત્તર પ્રદેશના નિવાસી છે. તેઓએ અત્યાસ સુધીમાં ૨૮ રાજ્યો અને ૩ દેશોમાં ૫૦,૦૦૦ કિલોમીટરની સાઈકલિંગ કરી છે. તેઓએ વિશ્વના સૌથી ઊંચા મોટરેબલ પાસ ઉમ્લિંગલા (19024 ફૂટ) અને બીજા સૌથી ઊંચા ખાર્દુંગલા પાસ (18000 ફૂટ) પર પણ સાઈકલિંગ કરી છે. તેમને 2022માં ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ આંતરરાષ્ટ્રીય ફાઉન્ડેશન એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા છે.

હાલમાં બંને સાહસિકો તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫થી દિલ્હીની મુસાફરી શરૂ કરીને સાઈકલ દ્વારા મુંબઈ સુધીના સફરમાં છે. તેઓના આ અભિયાનનું શીર્ષક "Break the Silence, Pedal for Change" છે. અત્યાર સુધી તેઓ દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાત રાજ્ય પાર કરી ચૂકયા છે.

તેઓનો આ અભિયાનનો હેતુ મહિલાઓમાં મેન્સ્ટ્રુઅલ હાઈજીન અંગે જાગૃતિ ફેલાવવાનો છે અને સાથે સાથે પર્વતીય વિસ્તારોને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો છે. પ્રવાસ દરમિયાન

વિવિધ ગામો અને શહેરો, શાળાઓ, કૉલેજો અને વિશ્વવિદ્યાલયમાં મહિલાઓ સાથે સાથે સંવાદ સ્થાપિત કરીને મેન્સ્ટ્રુઅલ હાઈજીન વિશે શિક્ષણ આપવાનો અને પર્વતોને સ્વચ્છ રાખવા માટે પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા માટે પ્રેરણા આપવાનો ઉદ્દેશ છે. આ અભિયાનના માધ્યમથી બંને યુવાન સાહસિકો મહિલાઓમાં મેન્સ્ટ્રુઅલ હાઈજીન સંબંધિત ભૂમિકા અને અનહૅલ્થ ટેવ વિષે ખુલ્લી ચર્ચા કરવા માટે પદ્ધતિશીલ વાતચીત શરૂ કરવા ઇચ્છે છે. તેઓ માને છે કે આ વિષયમાં શિક્ષણ અને સમજુતાથી સમાજમાં અમુલ્ય પરિવર્તન લાવી શકાય છે.

## યુનિવર્સિટીના કર્મચારીની બરોડાની અમ્પાયર પેનલમાં પસંદગી



બરોડા ક્રિકેટ એસોશિયેશન દ્વારા અંડર–૧૬ સાઉથ ડિસ્ટ્રીકટની ક્રિકેટ ટુર્નામેન્ટ, નવસારી ખાતે યોજાનાર છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે આવેલ IAS/IPS વિભાગ ખાતે જુ. કલાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી અંકિતકુમાર વી. પટેલની અંડર–૧૬ સાઉથ ડિસ્ટ્રીકટની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે અમ્પાયરની પેનલમાં પસંદગી થયેલ છે. જે સ્પર્ધા દરમ્યાન બરોડા ક્રિકેટ એસોસિએશનના અમ્પાયર તરીકેની સેવા આપનાર છે જે બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને વિભાગના કૉ–ઓર્ડિનેટર ડૉ. પરેશ બી. જોશી તથા યુનિવર્સિટી પરિવારએ અભિનંદન પાઠવ્યા હતા.

## GPSC ક્લાસ, ૧,૨ ની ફ્રી મોક ટેસ્ટનું આયોજન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના સહકારથી તા. ૧૧ એપ્રિલ, ૨૦૨૫ તથા ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ૧૨:૩૦ થી ૩:૩૦ કલાક દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આઈએએસ/આઈપીએસ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે GPSC ક્લાસ ૧, ૨ ની ફ્રી મોક ટેસ્ટ સીરીઝમાં ટેસ્ટ–૧ તથા ટેસ્ટ–૨ એમ કુલ ૨ પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોક ટેસ્ટનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને અભ્યાસમાં દિશા દર્શાવવી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યોગ્ય માહોલ પૂરો પાડી તેમની તૈયારીને વધુ મજબુત બનાવવાનો છે, જેમાં ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી. જેમાંથી ૫૦થી વધુ વિદ્યાર્થીઓએ કેન્દ્ર પર આવીને ઓફલાઈન એકઝામ આપી હતી. તેમજ બાકીના તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઈન માધ્યમથી પરીક્ષા આપી હતી. જેનાથી પરીક્ષાર્થીઓને વાસ્તવિક પરીક્ષાના વાતાવરણમાં પરીક્ષા આપવાનો અનુભવ થયો. જેમાં કેન્દ્રની ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓ પરીક્ષામાં તણાવ મુક્ત રહેવા માટે ટિપ્સ આપવામાં આવી હતી. વિભાગ દ્વારા જીપીએસસી મોક પરીક્ષાનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## યુનિવર્સિટીના સંશોધકોને નવીન AI આધારિત રોબોટિક શોધ માટે ડિઝાઈન નોંધણી મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડૉ. ઘીવાલા શૈલેષકુમાર મહેન્દ્રલાલ, ડૉ.હિતેશકુમાર જગદીશચંદ્ર લાડ અને ડૉ. કેતનકુમાર કાંતિભાઈ પટેલ એ તેમની નવીન શોધ "AI પાવર્ડ સ્માર્ટ ઓટોમેટિક પોલ્યુટેડ કેમિકલ ડિટેક્ટિંગ એન્ડ કલીનિંગ રોબોટ" માટે ડિઝાઈન નોંધણી મેળવી વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. આ બુદ્ધિશાળી રોબોટિક સિસ્ટમ કૃત્રિમ બુદ્ધિ (AI)નો ઉપયોગ કરીને રાસાયણિક પ્રદુષણનું શોધખોળ અને સફાઈ કરવાની કામગીરી કરશે, જે પર્યાવરણની સમસ્યાઓ માટે આધુનિક ટેકનોલોજીની અસરકારક સમાધાન આપશે. ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૨૪/૦૧/૨૦૨૫ના રોજ પેટન્ટ કે જેનો ડિઝાઈન નંબર 445462-001થી એનાયત કરવામાં આવ્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તેઓને અભિનંદન પાઠવી આગામી સંશોધન કાર્ય માટે શુભેચ્છાઓ પાઠવીએ હતી.

## અક્ષય તૃતીયા નિમિત્તે ધાર્મિક પૂજા વિધિનું આયોજન






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે આજ રોજ અક્ષય તૃતીયાના પાવન અવસરે ધાર્મિક ભાવનાને આધારે વિશેષ પૂજા વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીની ઉપસ્થિતિમાં પૂજા વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ વિધિ વિશ્વવિદ્યાલયના મુખ્ય દ્વાર તેમજ વહીવટી ભવન ખાતે યોજાઈ હતી, જ્યાં વિધિવત્ રીતે વિદ્વાન દ્વારા પૂજન કરવામાં આવ્યું. વિશ્વવિદ્યાલયનાં પ્રોફેસરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિતિ નોંધાવી હતી.

## MoU






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને જનજાતિ શોધ એવમ અનુશીલન કેન્દ્ર (Tribal Research & Knowledge Center, Delhi) વચ્ચે તા. ૨૪/૦૪/૨૦૨૫ના રોજ MoU કરવામાં આવ્યું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત અને જનજાતિ શોધ એવમ અનુશીલન કેન્દ્ર (Tribal Research & Knowledge Center, New Delhi) સંયુક્ત રીતે જનજાતિઓના મુદ્દાઓ અને અનુસૂચિત જનજાતિઓ સંબંધીત અભ્યાસો, સંશોધન, કોન્ફરન્સ, સેમિનાર, વિચાર ગોષ્ઠી, પ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરશે. તદુપરાંત વ્યુહાત્મક તૈયારીઓ આયોજન અને માર્ગદર્શકરૂપ નકશો તૈયાર કરવામાં મદદરૂપ બની રહેશે. સદર MoUનો સમયગાળો ૨ વર્ષનો રહેશે અને જરૂર પડયે બન્ને પક્ષોની સહમતિથી વધુ એક વર્ષ લંબાવી શકાશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના સહકારથી તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને TRKC, New Delhiના પ્રતિનિધિશ્રી અભિનવ પ્રકાશજી દ્વારા વિશ્વવિદ્યાલયના અન્ય પ્રાધ્યાપકોની હાજરીમાં MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## 'ભૂમિ સુપોષણ કાર્યક્રમ'







રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય–સુરત તથા ભારત વિકાસ પરિષદ, સુરતના સંયુકત ઉપક્રમે 'ભૂમિ સુપોષણ કાર્યક્રમ'નું આયોજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમના ઉદબોધનમાં ડૉ. દિપેશ ઝાએ જણાવેલ કે, સાંપ્રત સમયમાં ભૂમિનું સુપોષણ કરવું ખૂબ જ જરૂરી છે, કારણ કે સારી જમીન (તટસ્થ Ph વાળી) પાકોને ઊંડું પોષણ અને જીવવાની શકિત આપે છે. પોષણયુકત જમીનમાં છોડ ઝડપથી વધે છે અને પાક વધુ તંદુરસ્ત બને છે. જમીનમાં ખનિજ તત્વો તથા સૂક્ષ્મજીવાણુઓની કમીથી છોડ નબળા પડી રોગીષ્ટ બને છે. ભારત વિકાસ પરિષદ, સુરતના પ્રાંત મહાસચિવ શ્રી ધર્મેશભાઈ શાહ દ્વારા કાર્યક્રમમાં પધારેલ સર્વેનું અભિવાદન કરી કાર્યક્રમનો ઉદેશ જણાવેલ કે, સારી રીતે પોષયેલી જમીન ફળ, શાકભાજી અને અન્ય પાકોમાં સુગંધ, સ્વાદ અને પોષણ વધારવા મદદ કરે છે. લાંબા સમય સુધી જમીન ઉર્વર રહે તે માટે આપણે નિયમિત રીતે તેનું યોગ્ય રીતે પાલન અને સુપોષણ કરવું જરૂરી છે. જે માટે ખેડૂતો, સમાજના શ્રેષ્ઠીઓ તથા શિક્ષણવિદોની જાગરુકતા માટે આ ખાસ કાર્યક્રમનું આયોજન કરાયેલ હતું.

દેશના લોકો ખેડૂતોને પંચ મહાભૂત કૃષિ વિષયક 'તારાચંદ બેલજી કૃષિ તકનિક'ની ભેટ આપનાર કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી તારાચંદ બેલજી (પ્રવર્તક - TCBT, વૃક્ષાયુર્વેદ ઉર્જા વિજ્ઞાન આધારિત ખેતી) એ પોતાના વકતવ્ય દ્વારા જણાવ્યું કે, પંચમહાભૂત કૃષિ એ પ્રાચીન ભારતીય સિદ્ધાંત છે. જેમાં પૃથ્વી (માટી તત્વ), આકાશ (શૂન્ય તત્વ), વાયુ (પ્રાણ તત્વ), અગ્નિ (ઉર્જા તત્વ) અને જલ (જીવન તત્વ) આ પાંત તત્વો કૃષિ કાર્ય પોતે કરે છે. માણસનું કાર્ય માત્ર યોગ્ય સમય પર બીજ વાવવું અને પાક લણવાનું છે. પ્રકૃતિના રચનાક્રમમાં ૭૦% પાણી, ૨૧% વાયુ, ૮% આકાશ, ૧% પૃથ્વી જેવા પરમ ઊંજા પ્રવાહ અને પાકને સંપૂર્ણ, પોષણ આપવાનું છે. TCBT પદ્ધતિ (તારાચંદ બેલજી કૃષિ તકનીક) પ્રકૃતિ સાથે સુસંગત ખેતી, જમીન અને પાક માટે 'ઊર્જા જળ'નો ઉપયોગ, ભૂમિ ઉપચાર (માટી શુદ્ધિકરણ અને ઊર્જાવર્ધન) શીખવે છે. વધુમાં તેઓએ પ્રવર્તમાન ખેતીમાં સમસ્યાઓ અને ઉપચાર માટે અગ્નિહોત્ર ભસ્મ અને ફટકડી વડે ઊંજા જળ બનાવવા, સજીવ ખાતર, જીવાણુ જળ, અણુ જળનો ઉપયોગ, માઈક્રોઓર્ગેનિઝમ અને પંચતત્વોની સમતોલનથી જમીનની તંદુરસ્તી સુધારવા પર ભાર મૂકયો. અંતમાં તેઓએ પોતાના મૂલ મંત્ર "મારું જીવન પંચમહાભૂતની સાધના છે. પંચમહાભૂતોને શુદ્ધ અને સજીવ બનાવો, પાક, મનુષ્ય અને પ્રકૃતિ આપમેળે સમૃદ્ધ થશે." વિશે સૌને અવગત કર્યા. રાષ્ટ્રીય સેવા યોજના, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સંયોજક ડૉ. શ્રીધર નિમાવત દ્વારા વિશ્વવિદ્યાલય વતી સર્વેનો આભારવ્યકત કર્યો હતો.

## Department of Sociology

### 'સોફ્ટ સ્કિલ્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ' સર્ટિફિકેટ કોર્સનો સમાપન કાર્યક્રમ





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શન તેમજ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના સાથ સહકારથી સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા MSW પ્રોગ્રામ દ્વારા અંબુજા ફાઉન્ડેશનના સેડી, સુરતના સહયોગથી ૩૦ કલાકના 'સોફ્ટ સ્કિલ્સ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ' સર્ટિફિકેટ કોર્સનો સમાપન સમારંભ તા. ૦૨/૦૪/૨૦૨૫ના રોજ યોજાયો હતો. વિશિષ્ટ ઉપસ્થિતિમાં શ્રી ટી.એન.સંદીપ,

ઇન્ચાર્જ સેડી સુરત અંબુજા ફાઉન્ડેશન, શ્રીમતી દિવ્યા રાણા (સોફ્ટ સ્કીલ્સ ટ્રેનર,સેડી,સુરત), ડૉ. એમ.એન.ગાયકવાડ (પ્રોફેસર અને અધ્યક્ષ સમાજશાસ્ત્ર વિભાગ અને કૉ–ઓર્ડિનેટર MSW પ્રોગ્રામ), કોર્સ કૉ–ઓર્ડિનેટર શ્રી નવીનકુમાર રોહિત અને વિભાગના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. એમ.એન. ગાયકવાડ દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સેડી સુરતના ઇન્ચાર્જ શ્રી.ટી.એન.સંદીપ દ્વારા કાર્યક્રમના સંદર્ભમાં વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન આપ્યું હતું. સર્ટિફિકેટ કોર્સમાં ૩૦ કલાકની તાલીમ દરમિયાન એમ.એસ.ડબલ્યુ સેમ–૪ના કુલ ૪૩ વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ થકી સોફ્ટ સ્કિલસ અને વ્યકિતત્વ વિકાસના પાઠ શીખવવામાં આવ્યા હતા. સદર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃતિઓ થકી સોફ્ટ સ્કિલસ અને વ્યકિતત્વ વિકાસના પાઠ શીખવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર ટ્રેનીગ પ્રોગ્રામ દરમિયાનના પોતાના અનુભવો રજૂ કર્યા હતા અને આ પ્રકારના ટ્રેનીગ કાર્યક્રમો સતત થતા રહે તેના પર ભાર મૂકયો હતો. કાર્યક્રમના અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓને મહેમાનશ્રીઓને હસ્તે સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા MSW પ્રોગ્રામના અધ્યાપક અને સર્ટિફિકેટ કોર્સના કૉ–ઓર્ડિનેટરશ્રી નવીનકુમાર રોહિત દ્વારા અંબુજા ફાઉન્ડેશન સાથે સહયોગથી લઈને કોર્સના આયોજન કરવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. અંતમાં MSW ડૉ. બહાદુરસિંહ વસાવાએ આભારવિધિ કરી હતી.

## પ્રેરણાદાયી સિદ્ધિ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના એમ.એસ.ડબલ્યુ. વિદ્યાર્થીનીઓને ગીર સોમનાથ ખાતે યોજાયેલ ત્રણ દિવસીય ઉત્તમ કપાસ પહેલ'ની ટ્રેનિંગમાં ભાગ લીધો. (શિબિરો દ્વારા છોટાઉદેપુરના ગ્રામીણ ખેડૂતોને પીરસશે કપાસની ટકાઉ ખેતીના પાઠ)

વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા એમ.એસ.ડબલ્યુ.પ્રોગ્રામની ચાર વિદ્યાર્થીનીઓએ અંબુજા ફાઉન્ડેશન દ્વારા ગીર સોમનાથના અંબુજાનગર, કોડીનાર ખાતે તા. ૧૦ થી ૧૨ એપ્રિલ દરમિયાન આયોજીત ઉત્તમ કપાસ પહેલના ત્રણ દિવસીય રેસિડેન્શિયલ ટ્રેનિંગ કાર્યક્રમમાં સફળતાપૂર્વક ભાગ લીધો હતો. આ ટ્રેનિંગનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને યોગ્ય અને ટકાઉ કપાસ ખેત પદ્ધતિઓના કૌશલ્યો શીખવી કપાસની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોને માહિતગાર કરવાનો છે.

ચારેય વિદ્યાર્થીનીઓ મૂળ છોટાઉદેપુરની નિવાસી છે અને હાલમા જ તેઓએ વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ ખાતેથી એમ.એસ.ડબલ્યુનો અભ્યાસ પૂર્ણ કરેલ છે. આ વિદ્યાર્થીનીઓ હવે ટ્રેનિંગના ભાગ રૂપે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના વિવિધ ગામોમાં ખેડૂતો સાથે ચર્ચા સભાઓ અને શિબિરોનું આયોજન કરી, કપાસની આધુનિક અને પર્યાવરણલક્ષી ખેત પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપશે. જેથી ખેડૂતો વધુ સફળ અને પર્યાવરણસ્નેહી ખેતી તરફ આગળ વધી શકે.

સદર ટ્રેનિંગ કાર્યક્રમમાં ભાગ લેવા વિભાગના અધ્યાપક શ્રી નવીનકુમાર દ્વારા વિદ્યાર્થીનીઓને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સહન પૂરું પાડયું હતું. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના કુલગુરુ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના સંયોજક ડૉ. એમ.એન.ગાયકવાડ દ્વારા સદર પ્રયાસની સરાહના કરી, વિદ્યાર્થીઓની ક્ષમતા અને સામાજિક જવાબદારીને બિરદાવી હતી. સાથે વિદ્યાર્થીઓને આ બહુમુલ્ય તક આપવા બદલ અંબુજા ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો.

## લીસોથો દેશનાં વિદ્યાર્થીએ પી.એચડી. પૂર્ણ કર્યુ







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં સમાજશાસ્ત્ર વિભાગમાં ઇન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR) શિષ્યવૃત્તિ અંતર્ગત પીએચ.ડી. પ્રોગ્રામ (નવેમ્બર–૨૦૨૧)માં અભ્યાસ કરતા શ્રી ડેવિડ સીત્સા મકાટેએ વિભાગનાં એસોસિયેટ પ્રોફેસર ડૉ. અરુણ એન. પંડયાનાં માર્ગદર્શન હેઠળ "લીસોથોમાં કિશોર અપરાધનો સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય "(A Sociological Perspective of Juvenile Delinquency in Lesotho)" વિષય પર

સફળતાપૂર્વક સંશોધન પૂર્ણ કર્યું છે. તેઓ દક્ષિણ આફ્રિકાની મધ્યે આવેલા એવા લીસોથો દેશનાં વતની છે. આ સંશોધનનો ઉદ્દેશ્ય તેમના દેશમાં કિશોર અપરાધમાં ફાળો આપતા વિવિધ સામાજિક પરિબળોની શોધ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધન નીતિ નિર્માતાઓ, શિક્ષકો અને સમુદાયના નેતાઓ અને વડાઓ માટે મૂલ્યવાન દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે. જેનાં તારણો સમસ્યાનાં વધુ અસરકારક નિવારણની વ્યૂહરચનાઓ, કિશોર તાલીમ કેન્દ્ર (JTC) જેવા પુનર્વસન કાર્યક્રમો અને પ્રચલિત નીતિઓનાં વિકાસને ટેકો આપશે તેવી અપેક્ષા છે. અંતે આ સંશોધન શૈક્ષણિક ક્ષેત્રમાં ફાળો આપવા ઉપરાંત કિશોરો દ્વારા થતા ઉચ્ચ–દરના જાતીય હુમલા જેવા તાત્કાલિક સામાજિક મુદ્દાને સંબોધિત કરીને લીસોથો દેશની સરકાર અને સમાજને પણ લાભ આપશે. તેઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડ તથા વિશ્વવિદ્યાલય પરિવાર વતી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## Department of Statistics

### Annual Day and Alumni meet-2025

The Department of Statistics, VNSGU organized its grand Annual Day & Alumni Meet 2025 on 26th April 2025 at Shreemad Rajchandra Hall. The event began with the University Song. The auspicious lighting of the lamp ceremony was conducted in the presence of distinguished dignitaries, followed by a prayer. The felicitation of dignitaries took place shortly thereafter.

The gathering was formally welcomed by Dr. A. J. Rajyaguru, Professor and Head, Department of Statistics. Special thanks were extended to donor Ms. Usha Kazi, and appreciation was expressed to faculty members Dr. Mittal Shinghala, Dr. Hemali Shah, Mr. Jaydeep Dhameliya, and Mr. Ramya Boricha for their continuous support.

As a highlight of the Diamond Jubilee Year celebrations of VNSGU, two important launches took place:

The web application "Shodhak" developed by M.Sc. (Applied Statistics) Semester-4 (Batch 2024-25) students Amiraj Malani, Pritesh Varia, and Krishi Parmar for the Missing Cell of City Police, was officially handed over to the police department by Honorable Vice Chancellor Dr. Kishorsing Chavda.

The Department Dashboard, prepared by students Priyanshu Tanna and Pooja Chevli, was launched by Honourable Vice-Chancellor Dr. Kishorsinh Chavda.

Chief Guest Mr. Vijay Singh Gurjar addressed the audience with inspiring words, followed by Prize Distribution coordinated by Ms. Megha Bansal for excellence in academics, sports, and extra-curricular activities.

Also thanks to Yuvrajsinh Vaghela and his team for giving their valuable time for this event.

**Cultural Performances:**

The audience was treated to vibrant performances, including a lively Rajasthani Folk Dance, soulful Poetry recitations by Ms. Disha Bharodiya, Ankita Chotaliya, and Ravi Gohil, melodious Group Songs and Folk Songs performed by Disha Bharodiya and Ankita Chotaliya, powerful Mono Acting Performances by Prince Patel and Angaha Prajapati, and an energetic Folk Dance (Duo) by Preet and Amruta.

To further engage participants, a Statistics Quiz was organized by Dr. A. J. Rajyaguru, followed by fun games and interactive rounds that kept the energy lively.

Also include that Alumni were honored during a special Alumni Felicitation ceremony.

In this ceremony the Department of Statistics, Veer Narmad South Gujarat University organized an Alumni Meet 2025. The gathering was formally welcomed by Dr. A. J. Rajyaguru, Professor and Head, Department of Statistics.

Special thanks were extended to donor Ms. Usha Kazi, and appreciation was expressed to alumni Dr. Mittal Shinghala, Dr. Hemali Shah, Mr. Jaydeep Dhameliya, and Mr. Ramya Boricha for their continuous support to the department.

Alumni were warmly welcomed and felicitated for their ongoing bond with the department.

The event witnessed enthusiastic participation from i, along with current students and faculty members, making it a day of heartfelt reconnections and celebration of the Department's vibrant legacy.

The event witnessed the enthusiastic participation of 70 students and 11 staff members, 13 special guest, 37 alumni.

Finally, the program concluded with a Vote of Thanks delivered by Mr. Sudhanshu Joshi and the singing of the National Anthem, marking a memorable day of pride, joy, and celebration.




VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
GPS Map Camera
Surat, Gujarat, India
Veer Narmad South Gujarat University, 5q3j+45v, Surat, Gujarat 395007, India
Lat 21.152559° Long 72.780085°
26/04/2025 11:31 AM GMT +05:30


VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+556 Veer Narmad South, Gujarat University, 43, Brts, Surat, Gujarat 395007, India
Lat 21.152639° Long 72.780145°
26/04/2025 11:41 AM GMT +05:30


ALUMNI MEET - 2025
GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+556 Veer Narmad South, Gujarat University, 43, Brts, Surat, Gujarat 395007, India
Lat 21.152639° Long 72.780161°
26/04/2025 12:08 PM GMT +05:30


GPS Map Camera
Surat, Gujarat, India
Veer Narmad South Gujarat University, 5q3j+45v, Surat, Gujarat 395007, India
Lat 21.152373° Long 72.780299°


Department of Statistics
ALUMNI MEET
GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+556 Veer Narmad South, Gujarat University, 43, Brts, Surat, Gujarat 395007, India
Lat 21.152584° Long 72.780144°
26/04/2025 11:43 AM GMT +05:30


GPS Map Camera
Surat, Gujarat, India
Veer Narmad South Gujarat University, 5q3j+45v, Surat, Gujarat 395007, India
Lat 21.152467° Long 72.780371°
26/04/2025 11:49 AM GMT +05:30


GPS Map Camera
Surat, Gujarat, India
Veer Narmad South Gujarat University, 5q3j+45v, Surat, Gujarat 395007, India
Lat 21.152471° Long 72.780143°
26/04/2025 11:55 AM GMT +05:30


GPS Map Camera
Surat, Gujarat, India
5q3j+556 Veer Narmad South, Gujarat University, 43, Brts, Surat, Gujarat 395007, India
Lat 21.152598° Long 72.780107°
26/04/2025 11:30 AM GMT +05:30


Surat, Gujarat, India

## મહાવિદ્યાલય સમાચાર

## જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### પીએચ.ડી.



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં કાર્યરત કોમર્સ વિષયના વીઝીટીંગ ફેકલ્ટી રાજકુમાર સુરેશભાઈ ડુમસીયા દ્વારા રજૂ કરેલ મહાશોધ નિબંધ, "An Analytical Study on Customer Satisfaction With Banking Service Quality post-Merger of Indian Public Sector Banks With Special Reference to Surat District" વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે માન્ય રાખી, તેમને કોમર્સ/અકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ નવયુગ કોમર્સ કૉલેજના અકાઉન્ટન્સી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર (અધ્યાપક સહાયક) ડૉ. મેહુલ કુમાર ભરતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ બદલ અમરોલી કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈ, જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અને સ્ટાફ સભ્યોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

### પ્લેસમેન્ટ ડ્રાઈવ



તા. ૨૪/૦૩/૨૦૨૫ને ગુરુવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કેમ્પસમાં 'પ્લેસમેન્ટ ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશાદીપ સ્કૂલ ઓફ ગ્રુપ અને એચ.ડી.બી. ફાયનાન્સ સર્વિસમાં વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જેકી માસ્તર, શ્રી જીગીશાબેન ગોહિલ, શ્રી પ્રતિકભાઈ શાહ તથા કૉલેજના અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યૂ માટે હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ચિરાગભાઈ સિદ્ધપુરીયાએ કર્યું હતું. તેમજ ઉદઘોષક તરીકે પ્રા. ડૉ. રાજભાઈ ડુમસિયા રહ્યા હતા, જીવન ટ્રસ્ટ અને અમરોલી પરિવાર પસંદગી પામેલા ઉમેદવારોને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.

### Seminar on Entrepreneurship as a Career



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ.દેસાઈના માર્ગદર્શન હેઠળ કૉલેજના Enterpreneurship વિભાગ તથા જી.ટી.યુ. વેન્ચર્સ દ્વારા કૉલેજ કેમ્પસમાં Seminar on Enterpreneurship as a Career પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે શ્રી મહાવીરસિંહ મકવાણા અને શ્રી વિશાલભાઈ રાઠોડ રહ્યા હતા. આ સેમિનારનો ઉદ્દેશય એમ.બી.એ.માં ઇનોવેશન, ઉદ્યોગ સાહસિકતા અને સહાય વિકાસ કાર્યક્રમ વિષે જાગૃતિ વધારવાનો અને સ્ટાર્ટઅપમાં રૂપાંતરિત થઈ શકે તેવા સંભવિત અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને ઓળખવાનો અને તેમને સ્ટાર્ટઅપ અને IEV કાર્યક્રમ માટે પ્રોત્સાહિત કરવાનો છે. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. ચિરાગ સિદ્ધપુરીયાએ કર્યું હતું. ઉદઘોષક તરીકે પ્રા. ડૉ. રાજભાઈ ડુમસિયા રહ્યા હતા. સેમિનારમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ પહેલગામ ખાતે થયેલ આંતકી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને તમામે બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### Alumini Get Together 2.0




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૨૦/૪/૨૦૨૫નાં રોજ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ Alumini Get Together 2.0નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ષ ૧૯૯૮ થી ૨૦૨૫ સુધી અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ પૈકી ૭૫૦થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને એમના અભ્યાસનાં વર્ષ દરમ્યાનના મિત્રોને મળી કૉલેજમાં વિતાવેલા સમયને વાગોળીયા હતા અને ટીચરોને મળી આનંદ અનુભવ્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પૈકી ઘણા વિદ્યાર્થીઓ સરકારી ઉચ્ચ હોદ્દો પર, પોતાનો બીઝનેસ, શૈક્ષણિક સંસ્થામાં ટીચર તરીકે, સી.એ. અને ઘણા વિદ્યાર્થીઓ બહારગામ (વિદેશમા) હતા. તેવા તમામ વિદ્યાર્થીઓની અચૂક હાજરી જોવા મળી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે વિશેષમાં ડી.જે. સાથે મ્યુઝીકલ ઇવનીગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ મનમૂકી ઝૂમ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, મંત્રીશ્રી અનુજભાઈ શાહ અને ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ હાજર રહ્યા હતા. કાર્યક્રમનાં અંતે દરેક વિદ્યાર્થીઓ અને હાજર તમામ મહેમાનો અને ટીચરોએ સાથે મળી સુરૂચિ ભોજન લઈ ફરી આવું આયોજન થાય એવી આશા વ્યકત કરી છુટા થયા હતા. કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તથા બી.બી.એ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતી મહેતા અને ડૉ. નિલેશભાઈ પટેલ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીની કોર–કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

### કેમ્પસ પ્લેસમેન્ટ

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૩૦/૪/૨૦૨૫નાં રોજ અંતિમ વર્ષ બી.બી.એ. ફાઈનાન્સ, માર્કેટિંગ, એચ. આર, બી.સી.એ. અને બી.કોમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કેમ્પસ ટુ કોર્પોરેટનું આયોજનમાં HDFC અને AXIS બેંક માટે NIIT IFBI દ્વારા કંપનીઓએ વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ માટે પ્લેટફૉર્મ પૂરું પાડયું હતું. જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૧૫ વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ માટે કંપની પસંદ કરવામાં આવ્યા હતા. પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ કૉ–ઓર્ડિનેટર પ્રા. સોયેબ મેમણ, ડૉ. વિશ્વનાથ બોરસે, ડૉ. વિશાલ પંડયા અને પ્રા. રાકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ અને સ્ટાફ પસંદગી પામેલા ઉમેદવારોને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવ્યા હતા.




## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### રાજ્ય કક્ષાએ બોક્ષિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો




રમત ગમત યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓર્થોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સીધી રાજ્યકક્ષાની ઓપન એજ ગ્રુપ બોક્ષિંગ સ્પર્ધા સ્પોર્ટ્સ હોસ્ટેલ નિકોલ અમદાવાદ મુકામે યોજાયેલ હતી. આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ખેલાડીઓ (૧) કુ. હિરલ રવિભાઈ પાટીલ (૨) અલીનાબાનુ મો. અસીફ મલેક (૩) આલિયા સલીમ અહેમદ અન્સારી (૪) સાલેહા મો. તબરેઝ અન્સારી (૫) ગામીત હિમેશ અરવિંદભાઈ જેમાં ઓપન એજ ગ્રુપ ૮૬ કિલોગ્રામ ગૃપમાં હિરલ રવિભાઈ પાટીલે પ્રથમ ક્મે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્ય

તેમજ નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યું. આ ખેલાડીઓને આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો.શ્રી છગનભાઈ અસારિયા આસિ. પ્રો.ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### પીએચ.ડી.



નવયુગ કોમર્સ કૉલેજના સેલ્ફ ફાઈનાન્સ એડિશનલ ડિવિઝનમાં કાર્યરત કોમર્સ વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર કરણકુમાર ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટએ રજૂ કરેલા મહાશોધ નિબંધ, ''A Comprehensive Analysis of Working Capital Management and Its Influence on the Financial Performance of Selected Automobial Companies in India''ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયએ માન્ય રાખી, તેમને કોમર્સ/અકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે તેમનો મહાશોધ નિબંધ નવયુગ કોમર્સ કૉલેજના અકાઉન્ટન્સી વિભાગના અધ્યાપક સહાયક (આસિસ્ટન્ટ પ્રોફેસર) ડૉ. મેહુલ કુમાર ભરતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ બદલ કૉલેજના આચાર્ય શ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ પરિવાર અને સ્ટાફ સભ્યોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### પીએચ.ડી.



ટંડેલ નયનકુમાર ગૌરીશંકર અર્થશાસ્ત્ર વિષયમાં નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના આચાર્યશ્રી, ડૉ. વિનોદચંદ્ર એન. પટેલના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં રજૂ કરેલા મહાનિબંધ 'માછીમાર મહિલાઓની સામાજિક અને આર્થિક સ્થિતિઃ વલસાડ જિલ્લાનો એક અભ્યાસ' જેને વિશ્વવિદ્યાલયએ માન્ય રાખી તેમને અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રદાન કરી છે. તે બદલ નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, કૉલેજના આચાર્ય ડૉ. વિનોદચંદ્ર એન. પટેલ અને સ્ટાફ સભ્યોએ ટંડેલ નયનકુમાર ગૌરીશંકરને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### કેમ્પસ પ્લેસમેન્ટ (પ્લેસમેન્ટ ડ્રાઈવ)

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયામાં ઈન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ સેલ દ્વારા 'કેમ્પસ પ્લેસમેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ 'કેમ્પસ પ્લેસમેન્ટ'માં દહેજ ખાતેની યોકોહામા કંપનીના પ્રતિનિધિ તરીકે દિક્ષિતા જી. (સિ. એકિઝકયુટિવ એચ.આર. સંજય પંડયા (સિ. મેનેજર એચ.આર.) અને મૈત્રૈય વ્યાસ (સિ. મેનેજર એચ.આર.) ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા વિદ્યાર્થીઓનો યોકોહામા કંપનીનો પરિચય આપવામાં આવ્યો હતો તથા યોકોહામા કંપનીની કાર્ય પદ્ધતિ વિશે જાણકારી આપવામાં આવી હતી. યોકોહામા કંપનીના પ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ કેમ્પસ પ્લેસમેન્ટમાં કૉલેજના કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૧૫ જેટલાવિદ્યાર્થીઓને શૉર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. આ કેમ્પસ પ્લેસમેન્ટ કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્લેસમેન્ટ સેલના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા કરવામાં આવ્યું હતું.



## T. & T. V. Institute of Nursing, Surat.

### Debate Report on "One Nation, One Election"





A thought-provoking debate on the topic "One Nation, One Election" was successfully organized by the 5th Semester B.Sc. Nursing students of T. & T.V. Institute of Nursing, Surat, on

07th April 2025. The event aimed to encourage critical thinking, enhance public speaking skills, and raise awareness among students about a significant national policy issue.

The debate was organized under the dynamic leadership of Principal Prof. Kirankumar Domadia and Vice Principal Mr. Jimmy James Mogaria. The event was coordinated efficiently by Ms. Chitra Kantharia, Ms. Sonal Waghela, and Ms. Jetal Patel, who ensured the smooth execution of the program.

## સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, માંડવી.


### નિબંધ સ્પર્ધા




સરસ્વતી વન વિદ્યા મંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ માંડવીમાં ઇનોવેશન કલબ અંતર્ગત વિશ્વ આઈ.પી. દિવસની ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો આરંભ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનુભાઈ મકવાણાએ વિશ્વ આઈ.પી. દિવસની ઉજવણી કેમ કરવામાં આવે છે તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓની અંદર ટ્રેડમાર્ક, પેટન્ટ, કોપી રાઈટ અને સર્જનાત્મક અંગે જાગૃતતા આવે તેવો ઉદેશ હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇનોવેશન કલબનાં કૉ-ઓર્ડિનેટર ડૉ. વિજયભાઈ પ્રજાપતિએ કર્યું હતું. આ તાલીમ કૉલેજના સ્ટાફ પરિવારના સાથ સહકારથી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

### 'અર્જૂન ઉવાચ' પુસ્તક પર બુક ટોક

શોધક પરિવાર-રાજકોટ દ્વારા માંડવી કૉલેજના પ્રોફેસર ડૉ. ઉદય જે. લાખાણીને તા. ૨૩ માર્ચ, ૨૦૨૫ના રોજ બુક ટોક માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. Goole Meet ઓનલાઈન માધ્યમ દ્વારા લાખાણી સર દ્વારા જવલંત છાયા લિખિત "અર્જુન ઉવાચ" પુસ્તકની એક આગવી શૈલીમાં રજૂ કરવામાં આવી હતી. આજના યુવા વર્ગ માટે તેમણે આ પુસ્તકના માધ્યમથી ખાસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યશ્રી તેમજ સ્ટાફ પરિવાર તરફથી તેમને ખાસ અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.




## સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ, દેડીયાપાડા.

### "ડૉ. ભીમરાવ રામજી આબેડકર અને જ્યોતિરાવ ફુલેની જન્મજયંતીની" ઉજવણી




સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ દેડીયાપાડા ખાતે આચાર્યશ્રી ડૉ. અનિલાબેન કે. પટેલના અધ્યક્ષસ્થાને તા. ૧૧/૪/૨૦૨૫ના રોજ એન.એસ.એસ. દ્વારા બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ રામજી આંબેડકર અને જ્યોતિરાવ ફુલેની જન્મજયંતીની સંયુકતરુપે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટયથી શરૂ કરી, ડૉ. ધર્મેશ વણકર, (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) અને ડૉ. રિતેશ પરમાર (અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ) દ્વારા બંને મહાનુભાવોના જીવન સંઘર્ષ વિષે પોતાના વિચારો રજૂ કર્યા. ત્યારબાદ કૉલેજના આચાર્યશ્રી ડૉ. અનિલાબેન કે. પટેલ દ્વારા પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. લાઈબ્રેરીયન શ્રી સંજય પરમાર દ્વારા બંધારણના આમુખનું આ પ્રસંગે પઠન કરી બંધારણમાં સમાવાયેલા હક્કો અંગે વાત કરી શપથ લેવડાવવામાં આવ્યા. અંતે ડૉ. રમેશ વસાવા (હિન્દી વિભાગ) દ્વારા આભારવિધિ અને રાષ્ટ્રગાન કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો. કાર્યક્રમનું સંચાલન પ્રા. મહેશકુમાર વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-04-2025 to 30-04-2025

| Detail | Description | April-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 1664 | |
| | Internet Lab User | 22 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 6 | |
| | Research Scholars | 3 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 3 | |
| | Online User | 0 | |
| | Total | | 1698 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| April-2025 | 168 | 324 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2025 | 32 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2025 | 34 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2025 | 34 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in